ફરીયાદ કર્યા તારીખ. ૨૧/૧૦/૨૦૧૬
ફરીયાદ દાખલ તારીખ. ૧૧/૧૫/૨૦૧૬
ફરીયાદ ફેંસલ તારીખ. ૨૧/૦૬/૨૦૧૮
સમયગાળો : **૦૧ વર્ષ, ૦૮ માસ, ૦૦ દિવસ.**

सत्यमेव जयते

અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કોર્ટ નંબરઃ ૩૦ સમક્ષ.

ફોજદારી કેસ નંબરઃ૩૨૦૬/૧૬
આંક–

ફરીયાદી : રાઠોડ શ્યામજભાઈ પથુભાઈ,
ઉ.વ.પુખ્ત વયના, ધંધોઃ નોકરી,
રહે.૧૦,રતનનગર,નારોલ,અમદાવાદ.

વિરૂધ્ધ...

તહોમતદારો : (૧). મીના નરેન્દ્ર પાંડે તે શેખર અનુપ શર્માની પત્ની
ઉ.વ.પુખ્ત વયના, ધંધો :ઘરકામ.
(૨). શેખર અનુપ શર્મા,
ઉ.વ.પુખ્ત વયના, ધંધોઃવેપાર,
બંન્ને રહેવાસીઃ ૭૦૧,શ્રી શરણ ફલેટ,
અબજી ફલેટની બાજુમાં, વિરાટનગર રોડ,
નિકોલ, અમદાવાદ.
તથા સરનામું : બાપુ વાસત,સનાથલ,
તા.સાણંદ, જી.અમદાવાદ–૩૮૨૧૧૦

ગુનો : **ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી **જયેશ આર.સોલંકી**
આરોપીપક્ષે વિ.વ.શ્રી **આર.બી.પરમાર**

જજમેન્ટ

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર નં.ર નાએ ગઈ તા.૧૮/૦૧/૧૬ ના રોજ તેઓની માલીકીની કબજા ભોગવટાની મારૂતી કંપનીની મોડલ–૨૦૧૨ ની સવીફટ ડીઝાયર વ્હાઈટ કલરની ટેક્ષી પાર્સીગ જેનો આર.ટી.ઓ.રજી.નં.જી.જે.૨૭.વી.૩૩૨૮ વાળી રૂા.૩,૭૫,૦૦૦/–

(અંકે રૂપિયા ત્રણ લાખ પંચોતેર હજાર પુરા)માં વેચાણ આપેલ અને તે અંગે વેચાણ કરાર તા.૧૮/૦૧/૧૬ ના રોજ નોટરીશ્રી સમક્ષ નોટરાઈઝડ કરાવેલ. તહોમતદાર નં.૧ નાઓએ તહોમતદાર નં.ર ના પત્ની થાય છે અને તેઓએ બાંહેધરી ખત લખી આપેલ હોય અને બાંહેધરી સ્વીકારી બંન્ને તહોમતદારોએ જોઈન્ટ ખાતાનો ચેક લખી આપેલ જેથી તેઓને ફરીયાદી સારી રીતે ઓળખે છે. તહોમતદારે વેચાણ આપેલ ગાડીની કોટક મહિન્દ્રા બેંકની એન.ઓ.સી. લાવી આપવાનો વિશ્વાસ આપેલ પરંતુ કોટક મહિન્દ્રા બેંકનુ લેણું બાકી નીકળતું હોય, જેથી સદર સ્વીફટ ગાડી કોટક મહિન્દ્રા બેંક તરફથી જપ્ત કરવામાં આવેલ. તહોમતદારોએ તા.ર૨/૦૮/૧૬ ના રોજ લખી આપેલ બાંહેધરી પત્ર જેમાં તહોમતદાર એક તરફવાળા તરીકે અને ફરીયાદી બીજી તરફવાળા તરીકે છે તેના પેરા નં.૩ મુજબ દિન–૧૫ માં મહેન્દ્રા બેંકમાંથી ગાડી છોડાવી કબજો સુપ્રત કરવા અને કબજો સુપ્રત ન કરી શકો તો બાંહેધરી પત્રક સાથે રૂા.૩,૬૫,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજાર પુરા)નો કોટક મહિન્દ્રા બેંક,ઓઢવ શાખાનો ચેક નં.૦૦૦૦૭૯ થી લખી આપેલ, તે બેંકમાં ભરપાઈ કરી શકશો તેવી બાંહેધરી આપેલ. તેમજ સદર ચેક જમા કરતા સમયે ખાતામાં પુરતુ બેલેન્સ રાખવાની અને ચેક ભરતાં પહેલાં કોઈપણ જાતની સંમતિની જરૂરીયાત ઉપસ્થિત રહેશે નહીં તેવું બાંહેધરી કરારમાં જાહેર કરેલ. ત્યારબાદ તા.ર૨/૦૮/૧૬ થી દિન–૧૫ માં તહોમતદારોએ ગાડી ફરીયાદીને લાવી આપેલ નહી જેથી ફરીયાદીએ ઉપરોકત ચેક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, નારાયણનગર શાખામાં તહોમતદારની સુચના મુજબ તા.૧૨/૦૯/૧૬ ના રોજ જમા કરાવતાં તા.૧૪/૦૯/૧૬ ના રોજ ફન્ડસ ઈનસફીશીયન્ટના શેરાથી પરત આવેલ. જેથી ફરીયાદીએ તહોમતદારોને વિ.વકીલશ્રી મારફત તા.ર૦/૦૯/૧૬ ના ના રોજ રજી.પો.એડી.થી નોટીસ મોકલાવેલ, જે નોટીસ બજવતા છતાં તહોમતદારોએ નોટીસનું પાલન કરેલ નહીં કે નોટીસનો કોઈ જવાબ આપેલ નહીં.

આમ, આરોપીએ આજદિન સુધી ફરીયાદીની પરત ફરેલા ચેકની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદી ધ્વારા આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧, (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં **"એકટ"** તરીકે સંબોધવામાં આવ્યા છે) ની કલમઃ ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ તારીખ:ર૧/૧૦/૧૬ ના રોજ અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

ર. ત્યારબાદ આરોપીઓને સમન્સ કરતાં તેઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી અને આરોપીઓની ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૫૧ અન્વયે પ્લી આંકઃ ૧૪–૧૫ થી નોંધી ગુના અંગે પુછતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના લેખીત–મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલા છે.

મૌખીક પુરાવાઃ–

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧	ફરીયાદી રાઠોડ શ્યામજીભાઈ પથુભાઈની સોગંદ ઉપરની જુબાની	૪

લેખીત પુરાવાઃ–

ક્રમ	મૌખિક તથા દસ્તાવેજી પુરાવા	આંક
૧	તહોમતદાર નં.ર નાએ કરી આપેલ અસલ વેચાણ કરાર	T રર
ર	તહોમતદારોએ લખી આપેલ અસલ બાંહેધરી પત્ર	T ર૩
૩	તહોમતદારોએ આપેલ ચેક નં.૦૦૦૦૭૯ અસલ	T ર૪
૪	ઉપરોકત ચેકનો રીટર્નમેમો અસલ	T ર૫
૫	તહોમતદારોને આપેલ નોટીસની ઓફીસ કોપી	T ર૬
૬	નોટીસ રજી.એડી.કર્યાની સ્લીપ(કુલ–ર)	T ર૭–ર૮
૭	રજી.એડી.વાળી નોટીસ બજી ગયાનો ઈન્ડીયન પોસ્ટનો ટ્રેક રીપોર્ટ(કુલ–ર)	T ર૯–૩૦
૮	હાલના તહોમતદારો વિરૂધ્ધ વટવા પોલીસ સ્ટેશનમાં કરેલ ફરીયાદ	T ૩૧

૪. આ કામે ફરીયાદપક્ષને પોતાના પુરાવા રજુ કરવા પુરતી તક આપવામાં આવેલ છે. ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ રાખ્યા બાદ વધુ પુરાવા રજુ રાખવા ન હોય આંકઃ૩ર થી પુરશીસ રજુ રાખી ફરીયાદપક્ષે પુરાવો પુર્ણ થયેલ હોવાનું જાહેર કરેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમઃ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું છે,જે અન્વયે આરોપીએ તેમની સામેના પુરાવાઓનો ઈન્કાર કરી મુખ્યત્વે તેવો બચાવ રજુ રાખેલ છે કે, "આ કામના આરોપી નં.૧ નાએ આ વહેવાર બાબતે કાંઈ જાણતા ન હોય અને આ વહેવાર તેઓના પતી સાથે થયેલ હોવાનું તેમજ રજુ રાખેલ ચેકમાં તેઓની સહી ન હોવાનું અને તેઓની સામે ખોટી ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદીએ આરોપી નં.ર સાથે ધોખો કરી આંકઃરર વાળા દસ્તાવેજમાં સહી કરાવી લીધેલ, તેઓને ગુજરાતી આવડતું ન હતું અને તેઓની જાણ બહાર ધોખામાં રાખી તેમાં લખેલ વિગતો બાબતે જાણકારી આપ્યા વગર સહી કરાવી લીધેલી.આંકઃર૩ વાળા બાંહેધરીખતમાં દગાબાજીથી નોટરી કરાવી, ખોટી રીતે તેઓની પાસે ચેક મેળવી લીધેલા.આરોપીની ગાડી મહિન્દ્રા બેંક ધ્વારા જપ્ત કર્યા બાદ, તે વખતે આરોપીએ ફરીયાદીને રૂા.૮૦,૦૦૦/– રોકડા આપેલા, પરંતુ ફરીયાદીએ ગાડી બેંકમાંથી છોડાવેલ નહીં.આંકઃરર વાળો વેચાણ કરાર દગાથી ઉભો કરેલો દસ્તાવેજ છે, ખોટી રીતે સહી કરાવી ફરીયાદમાં રજુ કરેલ છે, આ કરારમાં લખેલ વિગતો મને સમજાવવામાં આવેલ નથી.આંકઃર૩ વાળો બાંહેધરી પત્ર દગાથી ઉભો કરેલો દસ્તાવેજ છે, ખોટી રીતે સહી કરાવી ફરીયાદમાં રજુ કરેલ છે, આ કરારમાં લખેલ વિગતો મને સમજાવવામાં આવેલ નથી.આંકઃર૪ વાળા ચેકમાં માત્ર મારી સહી છે અને બાકીની વિગતો જાતે ભરી, અમારી સુચના વગર ભરી રીટર્ન કરાવેલ છે.જયારે અમે તેમને ગાડી આપેલી તે તેમના પિતાની ઓફીસે આપેલી, તેમના પિતાએ મને રૂપિયા બે લાખ રોકડા આપેલા અને જણાવેલ કે, તમે જયોર લોન પુરી કરી દેશો, એન.ઓ.સી.આપશો ત્યારે બાકીનું પેમેન્ટ તમને આપી દઈશું. પરંતુ આ લોકોએ મને પેમેન્ટ આપેલ નહી. બેંકવાળા ફરીયાદીના દીકરા મારફત ગાડી લઈ ગયેલા તેની જાણ અમને કરતાં રૂપિયા એંસી હજાર ફરીયાદીના પિતાશ્રીને આપેલા અને કહેલું કે, ગાડી તમે બેંક પાસેથી છોડીવી લો, પરંતુ ફરીયાદીએ બેંક પાસેથી ગાડી છોડાવેલ નહીં. ત્યારબાદ ફરીયાદીના પિતાશ્રીએ મને બોલાવી ગાયકવાડ હવેલી લઈ ગયેલા. ત્યાં દેસાઈ કરીને કોઈ

ઓફીસર સીવીલ ડ્રેસમાં હતા, તેઓએ મને કહેલું કે, આ જે પ્રમાણે કહે તે પ્રમાણે લખાણ કરી આપો અને ચેક આપી દો. ત્યારબાદ મને આ લોકો તેમના વકીલશ્રી પાસે લઈ ગયેલા, એક લખાણમાં સહી કરાવી તેમણે કહયું તે પ્ર માણે મેં ચેક લખી આપેલો, ત્યારબાદ તેઓએ મારા ઉપર હાલનો કેસ કરી દીધેલો. તેઓની પાસે રૂપિયા બે લાખ તેઓની ઓફીસના કેમેરાની સામે લીધેલા તે સિવાય અન્ય કોઈ પેમેન્ટ લીધેલ નથી. એંસી હજાર રોકડા મે તે લોકોને બેંકમાં જ આપેલા. અમારી સામે ખોટો કેસ કરેલ છે, અમે નિર્દોષ છીએ." આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જાતે જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે, તેમજ બચાવના સાહેદ તપાસવાનો પણ ઈન્કાર કરેલ છે. આરોપીપક્ષે પોતાના બચાવમાં કોઈ લેખીત/મૌખીક પુરાવાઓ રજુ કરેલ નથી.

પ. ત્યારબાદ ફરીયાદપક્ષે આંકઃ૩૩ થી લેખીત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. તેમજ હાલના કામે બંન્ને પક્ષોના વિ.વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬. આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવા, આરોપીઓનું વિશેષ નિવેદન તેમજ બંન્ને પક્ષોની દલીલો ધ્યાને લેતાં સદર કેસના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ મુખ્યત્વે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના તહોમતદાર નં.૧ ના એ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના તહોમતદાર નં.ર ના એ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) હકારમાં

(૩). આખરી હુકમ મુજબ.

<u>નિર્ણયો માટેના કારણો</u>

(૮.૧) હાલના મુદ્દા અન્વયે ઉપસ્થિત રેકર્ડનું મુલ્યાંકન કરતાં પહેલાં હાલના તબકકે બંન્ને પક્ષકારો વચ્ચેની સ્વીકૃત/બીનતકરારી હકીકતોની સ્પષ્ટતા કરવી આવશયક જણાઈ આવે છે, જે નીચે મુજબ છે.

<u>પક્ષકારો વચ્ચેની સ્વીકૃત/બિનતકરારી હકીકતો</u>

- આંકઃ૨૪ વાળો ચેક આ કામના બંન્ને આરોપીના સંયુકત ખાતાનો ચેક છે, પરંતુ આ ચેકમા માત્ર અને માત્ર આરોપી નં.ર ની સહી છે. આ ચેકમા આરોપી નં.૧ ની સહી નથી.(આ કામના ફરીયાદી આજ હકીકત લઈને પોતાની ફરીયાદ અને સરતપાસમાં આવેલ છે. આ કામના આરોપી નં.ર નાએ આ હકીકત ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેમજ પોતાના વિશેષ નિવેદન દરમ્યાન સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ છે.)

⟹ હાલના તબકકે બંન્ને પક્ષકારો વચ્ચેની તકરારી હકીકતો અને આરોપીએ લીધેલ મુખ્ય બચાવની ચર્ચા કરવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

<u>પક્ષકારો વચ્ચેની તકરારી હકીકતો તેમજ આરોપીએ લીધેલ બચાવ</u>

- (૧). આ કામના આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેવો બચાવ લીધેલ છે કે, આરોપીઓને મોકલાવેલ કાનુની નોટીસ આરોપીઓને મળેલ નથી. ફરીયાદીએ પોતાની ઉલટતપાસ દરમ્યાન આ હકીકતનો ઈન્કાર કરેલ છે.
- (૨). આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેવો પણ બચાવ લીધેલ છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને ચુકવવા પાત્ર તમામ લેણી રકમ ચુકવી આપેલ છે, માત્ર આરોપીઓને તે બદલ પહોંચ આપેલ નથી અને જેથી આરોપીઓનું ફરીયાદીની તરફેણમાં તમામ દેવું ચુકવી આપેલ હોવા છતાં, આરોપીઓ સામે હાલની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદીએ પોતાની ઉલટતપાસ દરમ્યાન આ હકીકતનો ઈન્કાર કરેલ છે.
- (૩). આરોપી નં.૨ નાએ પોતાના વિશેષ નિવેદનમા ફરીયાદપક્ષના પુરાવાઓની સામે કરેલ ખુલાસા અન્વયે એવો બચાવ રજુ કરેલ છે કે, " ફરીયાદીએ આરોપી નં.૨ સાથે ધોખો કરી આંકઃ૨૨ વાળા દસ્તાવેજમાં સહી કરાવી લીધેલ, તેઓને ગુજરાતી આવડતું ન હતું અને તેઓની જાણ બહાર ધોખામાં રાખી તેમાં લખેલ વિગતો બાબતે જાણકારી આપ્યા વગર સહી કરાવી લીધેલી."
- (૪). આરોપી નં.૨ નાએ પોતાના વિશેષ નિવેદનમા ફરીયાદપક્ષના પુરાવાઓની સામે કરેલ ખુલાસા અન્વયે એવો બચાવ રજુ કરેલ છે કે, " આંકઃ૨૩ વાળા બાંહેધરીખતમાં દગાબાજીથી નોટરી કરાવી, ખોટી રીતે તેઓની પાસે ચેક મેળવી લીધેલા."
- (૫). આરોપી નં.૨ નાએ પોતાના વિશેષ નિવેદનમા ફરીયાદપક્ષના પુરાવાઓની સામે કરેલ ખુલાસા અન્વયે એવો બચાવ રજુ કરેલ છે કે, " આરોપીની ગાડી મહિન્દ્રા બેંક ધ્વારા જપ્ત કર્યા બાદ, તે વખતે આરોપીએ ફરીયાદીને રૂા.૮૦,૦૦૦/– રોકડા આપેલા, પરંતુ ફરીયાદીએ ગાડી બેંકમાંથી છોડાવેલ નહીં. "
- (૬). આરોપી નં.૨ નાએ પોતાના વિશેષ નિવેદનમા ફરીયાદપક્ષના પુરાવાઓની સામે કરેલ ખુલાસા અન્વયે એવો બચાવ રજુ કરેલ છે કે, " આંકઃ૨૨ વાળો વેચાણ કરાર દગાથી ઉભો કરેલો દસ્તાવેજ છે, ખોટી રીતે સહી કરાવી ફરીયાદમાં રજુ કરેલ છે, આ કરારમાં લખેલ વિગતો મને સમજાવવામાં આવેલ નથી. "
- (૭). આરોપી નં.૨ નાએ પોતાના વિશેષ નિવેદનમા ફરીયાદપક્ષના પુરાવાઓની સામે કરેલ ખુલાસા અન્વયે એવો બચાવ રજુ કરેલ છે કે, " આંકઃ૨૩ વાળો બાંહેધરી પત્ર દગાથી ઉભો કરેલો દસ્તાવેજ છે, ખોટી રીતે સહી કરાવી ફરીયાદમાં રજુ કરેલ છે, આ કરારમાં લખેલ વિગતો મને સમજાવવામાં આવેલ નથી. "

- (૮). આરોપી નં.ર નાએ પોતાના વિશેષ નિવેદનમા ફરીયાદપક્ષના પુરાવાઓની સામે કરેલ ખુલાસા અન્વયે એવો બચાવ રજુ કરેલ છે કે," આંકઃર૪ વાળા ચેકમાં માત્ર મારી સહી છે અને બાકીની વિગતો જાતે ભરી, અમારી સુચના વગર ભરી રીટર્ન કરાવેલ છે.'"
- (૯). આરોપી ન.ર નાએ પોતાના વિશેષ નિવેદનમાં વિશેષમાં તેવી હકીકત જણાવેલ છે કે, " જયારે અમે તેમને ગાડી આપેલી તે તેમના પિતાની ઓફીસે આપેલી, તેમના પિતાએ મને રૂપિયા બે લાખ રોકડા આપેલા અને જણાવેલ કે, તમે જયોર લોન પુરી કરી દેશો, એન.ઓ.સી.આપશો ત્યારે બાકીનું પેમેન્ટ તમને આપી દઈશું. પરંતુ આ લોકોએ મને પેમેન્ટ આપેલ નહી. બેંકવાળા ફરીયાદીના દીકરા મારફત ગાડી લઈ ગયેલા તેની જાણ અમને કરતાં રૂપિયા એંસી હજાર ફરીયાદીના પિતાશ્રીને આપેલા અને કહેલું કે, ગાડી તમે બેંક પાસેથી છોડીવી લો, પરંતુ ફરીયાદીએ બેંક પાસેથી ગાડી છોડાવેલ નહીં. ત્યારબાદ ફરીયાદીના પિતાશ્રીએ મને બોલાવી ગાયકવાડ હવેલી લઈ ગયેલા. ત્યાં દેસાઈ કરીને કોઈ ઓફીસર સીવીલ ડ્રેસમાં હતા, તેઓએ મને કહેલું કે, આ જે પ્રમાણે કહે તે પ્રમાણે લખાણ કરી આપો અને ચેક આપી દો. ત્યારબાદ મને આ લોકો તેમના વકીલશ્રી પાસે લઈ ગયેલા, એક લખાણમાં સહી કરાવી તેમણે કહયું તે પ્રમાણે મેં ચેક લખી આપેલો, ત્યારબાદ તેઓએ મારા ઉપર હાલનો કેસ કરી દીધેલો. તેઓની પાસે રૂપિયા બે લાખ તેઓની ઓફીસના કેમેરાની સામે લીધેલા તે સિવાય અન્ય કોઈ પેમેન્ટ લીધેલ નથી. એંસી હજાર રોકડા મે તે લોકોને બેંકમાં જ આપેલા. અમારી સામે ખોટો કેસ કરેલ છે. અમે નિર્દોષ છીએ. "

(૮.ર.) મુદ્દા નં.૧

ઉપરોકત પક્ષકારો વચ્ચેની સ્વીકૃત / બિનતકરારી અને તકરારી હકીકતોને ધ્યાને રાખી, સૌપ્રથમ હાલના મુદ્દાનો નિર્ણય કરવો આવશ્યક જણાઈ આવે છે. આ કામના ફરીયાદી પોતાની હાલની ફરીયાદમાં અને પોતાના સરતપાસના સોગંદનામામાં આંક–ર૪ વાળા ચેક અન્વયે તેવી સ્પષ્ટ હકીકત લઈને આવેલ છે કે, "આંકઃર૪ વાળો ચેક આ કામના બંન્ને આરોપીના સંયુકત ખાતાનો ચેક છે, પરંતુ તે ચેકમાં માત્ર અને માત્ર આરોપી નં.ર ની સહી છે, તે ચેકમાં આરોપી નં.૧ ની સહી નથી." આ હકીકતને આરોપી નં.રનાએ પણ વળગી રહેલા છે. આમ, સમગ્ર ટ્રાયલ દરમ્યાન આ હકીકત બંન્ને પક્ષકારો વચ્ચે બિનતકરારી /સ્વીકૃત રહેલ છે. આમ, બંન્ને પક્ષકારો વચ્ચેની હાલની સ્વીકૃત હકીકત ધ્યાને લેતાં આ કામના આરોપી નં.ર નાએ આંકઃર૪ વાળા ચેકમાં સહી કરેલ હોય, જેથી આ કામના આરોપી નં.ર નો એકટની કલમઃ૭ અન્વયે "ડ્રોઅર"ની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. આંકઃર૪ વાળા ચેકમાં માત્ર અને માત્ર આરોપી નં.ર ની સહી હોય, જેમાં આરોપી નં.૧ ની સહી ન હોય, જેથી એકટની કલમઃ૧૩૮ વંચાણે લેતાં તે કલમ અન્વયેના ગુન્હા સબબ માત્ર અને માત્ર રીટર્ન થયેલ ચેકના ડ્રોઅર જ તે શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે કસુરદાર બને છે. એકટની કલમઃ૧૩૮ સાથે વંચાણે લેતાં એકટની કલમઃ૭ અન્વયે તે હકીકત અને કાયદાનો મુદ્દો ખૂબજ સ્પષ્ટ છે કે, "માત્ર અને માત્ર રીટર્ન થયેલ ચેકના ડ્રોઅર સામે જ એકટની કલમઃ૧ ૩૮ ની કાર્યવાહી કરી શકાય તેમજ તેવી કાર્યવાહી ટકવાપાત્ર રહે છે તેમજ માત્ર ડ્રોઅર જ તે ચેક રીટર્ન થવા

માટે એકટની કલમઃ૧૩૮ ના શિક્ષાપાત્ર ગુન્હા માટે જવાબદાર બને છે." હાલના કેસમાં તે હકીકત બંન્ને પક્ષકારો વચ્ચે સ્વીકૃત અને બિનતકરારી રહેલ છે કે, આ કામના આરોપી નં.૧ ની આંકઃ૨૪ વાળા ચેકમાં સહી નથી જેથી આરોપી નં.૧ આંકઃ૨૪ વાળા ચેક સંદર્ભે એકટની કલમઃ૭ માં જણાવ્યા મુજબ ડ્રોઅરની વ્યાખ્યામાં સમાવેશ કરી શકાય તેમ નથી અને તે કારણસર આંકઃ૨૪ વાળો ચેક રીટર્ન થયા બાદ એકટની કલમઃ૧૩૮ (બી) અન્વયેની કોઈપણ નોટીસ આરોપી નં.૧ ને આપી શકાય તેમ નથી અને તે નોટીસ આપેલ હોવા છતાં તે નોટીસનો ૧૫ દિવસનો સમયગાળો વીત્યા બાદ, આરોપી નં.૧ તે ચેકના ડ્રોઅર ન હોય, તે ચેક સંદર્ભે એકટની કલઃ૧ ૩૮ અન્વયેનો કોઈપણ ગુન્હો આરોપી નં.૧ વિરૂધ્ધ બનશે નહીં, જે હકીકતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. હાલના તબકકે ઉપરોકત કરેલ મુલ્યાંકન અને કાયદાના મુદ્દા સંદર્ભે હાથ ઉપરના કેસમાં જે હકીકતો છે તેવી જ સમાન હકીકતો અન્વયે ઉપરોકત જે કાયદાના મુદ્દાનો નિર્ણય કરવામાં આવેલ છે તેવો સમાન કાયદાનો મુદ્દો **નામ.કેરાલા હાઈકોર્ટે, ૨૦૦૪,સી.આર.એલ.જે.પાના નં.૪૭૧૦, " ટી.એન.દેવી વિ. એ.સી.હરીદાસ"** અને **નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા ૨૦૧૩(૨)ડી.સી.આર.પાના નં.૪૧૭, " મીસીસ અપર્ણા એ.શાહ વિ. મેસર્સ શેઠ ડેવલોપર્સ પ્રા.લી."** ના ચુકાદામા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જેથી હાલનો પ્રસ્થાપિત કરેલ કાયદાનો મુદ્દો ધ્યાને લેતા હાલનાં કેસમાં આરોપી નં.૧ આંકઃ૨૪ વાળા ચેક સંદર્ભે એકટની કલમઃ૭ માં જણાવ્યા અનુસાર ડ્રોઅરની વ્યાખ્યામાં તેઓનો સમાવેશ થતો ન હોય, જેથી તે ચેક રીટર્ન થયા અનુસંધાને તેઓની સામે એકટની કલમઃ૧૩૮ અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હા સંદર્ભે કોઈપણ ગુન્હો બનશે નહીં અને તે કારણસર તેઓની સામેની હાલની ફરીયાદ કાયદેસર રીતે ટકવાપાત્ર રહેતી નથી. જેથી આ તમામ હકીકતો ધ્યાને રાખી હાલના **મુદ્દા નં.૧** નો જવાબ આથી **નકારમાં** આપવામાં આવે છે.

(૮.૩). મુદ્દા નં.૨ :– હાલના મુદ્દા સંદર્ભે તે હકીકતની સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ઉપરોકત મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ નિર્ણય મુજબ આરોપી નં.૧ સામે હાલની ફરીયાદ ટકવાપાત્ર રહેતી નથી અને તેઓ સામે હાલની ફરીયાદ અન્વયે કોઈપણ ગુન્હો બનતો નથી, જેથી હાલના મુદ્દા અન્વયે માત્ર અને માત્ર આરોપી નં.૨ પુરતુ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે, જેથી સરળતા ખાતર હવે પછીથી આરોપી નં.૨ ને " આરોપી " તરીકે સંબોધવામાં આવશે. આ હકીકતની સ્પષ્ટતા કરી ઉપરોકત સબપેરા નં.૮.૧ માં કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ પક્ષકારો વચ્ચેની સ્વીકૃત/બિનતકરારી અને તકરારી હકીકતોને ધ્યાને રાખી હાલના મુદ્દા અન્વયે ઉપસ્થિત રેકર્ડનું મુલ્યાંકન કરવામાં આવે તો, સૌપ્રથમ આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ એકટની કલમઃ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. જેથી સૌપ્રથમ ફરીયાદપક્ષની તે જવાબદારી બની રહે છે કે, એકટની કલમઃ૧૩૮ ના આવશ્યક તત્વો સ્વરૂપે કલોઝ નં.(એ)(બી)(સી) ત્રણેયનું તેઓએ પાલન કરવામાં સફળ રહેલ છે કે કેમ ? તે હકીકત સાબિત કરે અને જેથી તે હકીકતનું મુલ્યાંકન કરવું મહત્વનું જણાઈ આવે છે. આ સંદર્ભે એકટની કલમઃ૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

Section 138:- Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts :-

Where any cheque drawn by a person on an account maintained

by him with a banker for payment of any amount of money to another person from out of that account ***for the discharge***, in whole or in part, of any debt or ***other liability***, is ***returned*** by the bank ***unpaid***, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, ***such person shall be deemed to have committed an offence*** and shall without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for a term which may extend to two year***, or ***with fine which may extend to twice the amount of the cheque***, or ***with both***:

Provided that nothing contained in this section shall apply ***unless-***

(a) The **cheque has been presented** to the bank **within a period of six months** from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

(b) The ***payee*** or the holder induce course of the cheque, as the case may be, **makes a demand** for the payment of the said amount of money **by giving a notice**, **in writing**, to the drawer, of the cheque, "**within thirty days**" of the receipt of information by him from the bank regarding the return of the cheques as unpaid, and

(c) The **drawer of such cheque fails to make the payment** of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, **within fifteen days** of the receipt of the said notice.

Explanation: - For the purpose of this section, "**debt or other liability**" means **a legally enforceable debt or other liability**.

(૮.૩) સૌપ્રથમ ફરીયાદપક્ષ એકટની કલમ:૧૩૮(એ) નું પાલન કરવામાં સફળ રહેલ છે કે કેમ ? તે સંદર્ભે ઉપસ્થિત રેકર્ડનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આરોપી ધ્વારા આંક:૨૪ વાળો ચેક પોતાના ખાતાનો હોવાનું તેમજ તે ચેકમાં પોતાની સહી હોવાની હકીકત સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ છે. આંક:૨૪ વાળા

ચેકમાં સહી સિવાયની બાકીની વિગતો સંદર્ભે આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન અંશમાત્ર પણ બચાવ રજુ કરેલ નથી, તે હકીકત સંદર્ભે અંશમાત્ર પણ પ્રશ્ન પુછેલ નથી, તે વિગતોનો ઈન્કાર કરેલ નથી કે તે વિગતોને પડકારેલ નથી કે તે વિગતો તેઓના હસ્તાક્ષરમાં ન હોવાનો કોઈ બચાવ લીધેલ નથી, આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આંકઃ૨૪ વાળા ચેક સંદર્ભે અંશમાત્ર પણ બચાવ લીધેલ નથી, પંરતુ પોતાના વિશેષ નિવેદનમા આંકઃ૨૪ વાળા ચેકમાં પોતાની સહી હોવાની હકીકતનો સ્વીકાર કરી બાકીની વિગતો ફરયાદીએ જાતે ભરી તેઓની સુચના વગર આ ચેક ડીપોઝીટ કરી રીટર્ન કરાવેલ હોવાનો ખુલાસો કરેલ છે, પરંતુ સમગં ટ્રાયલ દરમ્યાન હાલના ખુલાસા સિવાય આ બચાવને શા માટે માનવો ? તે માટે અંશમાત્ર પણ વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરેલ નથી કે આ હકીકતને માનવા માટે અથવા તો સાબિત કરવા માટે કોઈપણ જાતના સમર્થનકારી પુરાવા રેકર્ડ ઉપર રજુ રાખેલ નથી. આ હકીકતની સામે આંકઃ૨૪ વાળો ચેક વંચાણે લેતાં તેમાં ડ્રોઅરની સહી તેમજ બાકીની વિગતો એક જ પેનથી લખવામાં આવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. આ સિવાય બચાવપક્ષ ધ્વારા આંકઃ૨૩ વાળા બાંહેધરીખત અન્વયે આંકઃ૨૪ વાળો ચેક આ કામના ફરીયાદીને આપેલ હતો તે હકીકતનો ઈન્કાર કરેલ નથી અને આ હકીકતનો સમગ્ર ટ્રાયલ દરમ્યાન પરોક્ષ રીતે સ્વીકાર કરેલ છે. આંકઃ૨૩ વાળા બાંહેધરી ખતમાં હાલનો આંકઃ૨૪ વાળો ચેક આપતી વખતે સહી સિવાયની બાકીની વિગતો ખાલી રાખેલ હોય તેવી કોઈ શરત અથવા તો સ્પષ્ટતા જણાઈ આવતી નથી, ઉલ્ટાનું હાલના કરારના પેરા નં.૩ ની વિગતો ધ્યાને લેતાં આ કામના આરોપીએ હાલના બાંહેધરીખત અન્વયે આંકઃ૨૪ વાળો ચેક તમામ વિગતો સાથે લખીને ફરીયાદીને આપેલ હોય, તેમ માનવાને સ્પષ્ટ કારણ ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવે છે. જેથી આ તમામ હકીકત ધ્યાને લેતાં આંકઃ૨૪ વાળા ચેક સંદર્ભે બાકીની વિગતો ફરીયાદીએ ભરેલ હોવાની હકીકત આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે જણાવેલ છે, તે ખુલાસો માની શકાય તેમ નથી અને તે ખુલાસાને શા માટે માનવો ? તેના કોઈપણ વ્યાજબી કારણો આરોપી રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકેલ નથી, જેથી આ તમામ હકીતો ધ્યાને લેતાં આ કામના આરોપી ધ્વારા આંકઃ૨૪ વાળો ચેક પોતાની સહી સાથે તમામ વિગતો ભરી આંકઃ૨૩ વાળા બાંહેધરીખત અન્વયે ફરીયાદીને આપેલ હતો, તે હકીકત વ્યાજબી કારણો સાથે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઈ આવે છે, જે હકીકતનો ઈન્કાર કરવા માટે ઉપસ્થિત રેકર્ડમાં કોઈપણ વ્યાજબી કારણો જણાઈ આવતા નથી, જેથી હાલના તબકકે આંકઃ૨૪ વાળા ચેકનું પ્રોપર એકઝીકયુશન રેકર્ડ ઉપર સાબિત થઈ આવતું હોય, જેથી તે સંદર્ભે એકટની કલમઃ૧૧૮ સાથે વંચાણે લેતાં એકટની કલમઃ૧૩૯નું અનુમાન ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરુધ્ધમાં કરવાનું રહે છે અને ફરીયાદીની તરફેણનું આ અનુમાન જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અકબંધ રહે છે કે, " હાલનો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા ફરીયાદીને આપેલ હતો "

આમ, ઉપરોકત હકીકતો ધ્યાને રાખી આંકઃ૨૪ વાળા ચેકનું એકઝીકયુશન રેકર્ડ ઉપર પુરવાર થઈ આવતું હોય, જેથી આ ચેક સંદર્ભે એકટની કલમઃ૧૧૮ સાથે વંચાણે લેતાં ૧૩૯ ના કાનુની અનુમાન જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર ન થાય ત્યાં સુધી ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂધ્ધમાં ઉપસ્થિત થઈ આવતું હોય, જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ ચેકને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંક શા માટે કન્ફર્મ ન કરવો ?

તે માટે કોઈ પણ વ્યાજબી કારણ ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતું ન હોઈ, **જેથી હાલના ચેકને આપવામાં આવેલ ટેન્ટેવીટ આંક–૨૪ આથી કન્ફર્મ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

ઉપરોકત હકીકતો ધ્યાને રાખી આંકઃ૨૪ વાળો ચેક વંચાણે લેતાં સદરહું ચેકમાં તા.૦૯/૦૯/૧૬ ની આરોપી ધ્વારા નોંધવામાં આવેલ છે. આ સાથે આંકઃ૨૫ વાળો રીટર્નમેમો ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા હાલનો ચેક પેમેન્ટ માટે પોતાના ખાતામાં જમા કરાવતાં આ ચેક તા.૧૪/૦૯/૧૬ ના રોજ " ફંડ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે પરત આવેલ છે. હાલના તબકકે એ હકીકત સ્પષ્ટ છે કે, એકટની કલમઃ૧૩૮(એ) અન્વયે કોઈપણ ચેક તેના ઉપર લખેલ તારીખથી ૬(છ)માસની સમયમર્યાદામાં અથવા તો તે ચેક ઉપર આપવામાં આવેલ સમયમર્યાદા, બંન્નેમાંથી જે સમયમર્યાદા પ્રથમ આવતી હોય તે દરમ્યાન ચેક બેંકમાં જમા કરાવવાનો રહે છે. હાલના કેસમાં આંકઃ૨૪ વાળો ચેક   અને તેના રીર્ટનમેમોની તારીખ ધ્યાને લેતાં હાલનો ચેક તેમાં જણાવેલ સમયમર્યાદામાં ફરીયાદી ધ્વારા તેઓની બેંકમાં જમા કરાવેલ હોવાનું રેકર્ડ ઉપર પુરવાર થઈ આવે છે અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં આ હકીકતનો ઈન્કાર કરવા ઉપસ્થિત રેકર્ડમાં કોઈપણ વ્યાજબી કારણ જણાઈ આવતું નથી. હાલના તબકકે આંકઃ૨૫ વાળા રીટર્નમેમો સંદર્ભે   એકટની કલમઃ૧૪૬ ની જોગવાઈ નોંધવી આવશ્યક જણાય છે, જે નીચે મુજબ છે.

> **146. Bank's slip *prima facie* evidence of certain facts.**—The Court shall, in respect of every proceeding under this Chapter, on production of bank's slip or memo having thereon the official mark denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of such cheque, unless and until such fact is disproved.

આમ, ઉપર મુજબ એકટની કલમઃ૧૪૬ અન્વયે જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર ન થાય ત્યાં સુધી રીટર્નમેમોમાં નોંધેલ હકીકતો સાચી છે તેમ અનુમાન કરવાનું રહે છે. સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં બચાવપક્ષ ધ્વારા સમગ્ર ટ્રાયલ દરમ્યાન આંક–૨૫ વાળા રીટર્નમેમોમાં નોંધેલ હકીકતોનો ઈન્કાર કરેલ હોય કે તે હકીકતોને પડકારેલ હોય તેવું જણાઈ આવતું નથી. એટલું જ નહીં પરંતુ સમગ્ર ટ્રાયલ દરમ્યાન આંક–૨૪ વાળો ચેક ફરીયાદી ધ્વારા પોતાના ખાતામાં જમા કરાવતાં તા.૧૪/૦૯/૧૬ ના રોજ રીટર્ન થયો તે તારીખે આરોપીના ખાતામાં   તે ચેકમાં જણાવેલ રકમ જેટલું બેલેન્સ હતું અથવા તો આરોપીને પોતાની બેંક સાથે તે ચેકમાં જણાવેલ નાણાં જેટલી રકમનું ચુકવણું કરવા એરેન્જમેન્ટ કરવામાં આવેલ હતું, તેવી કોઈપણ જાતની પ્લી બચાવપક્ષ ધ્વારા લીધેલ નથી. આમ,સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં બચાવપક્ષ આંક–૨૫ વાળા ડીસઓનર મેમો સંદર્ભે એકટની કલમઃ૧૪૬ માં જણાવેલ અનુમાનની હકીકતોથી વિરૂધ્ધની હકીકત પ્રસ્થાપિત કરવામાં સંપુર્ણપણે નિષ્ફળ નિવડેલા હોય, જેથી આંકઃ૨૫ વાળો દસ્તાવેજ અને તેમાં નોંધાયેલ હકીકતો એકટની કલમઃ૧૪૬ અન્વયે રેકર્ડ ઉપર સાબિત થઈ આવતી હોય **જેથી આ તમામ હકીકત ધ્યાને રાખી આંકઃ૨૫ વાળા દસ્તાવેજને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંક આથી કન્ફર્મ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

(૮.૪).   આંકઃ૨૪ વાળો ચેક રીટર્ન થયા બાદ આ કામના ફરીયાદી ધ્વારા આ કામના આરોપીને

તા.૨૩/૦૯/૧૬ ના રોજ આંકઃ૨૬ વાળી નોટીસ તેમાં જણાવેલ પ્રથમ સરનામે આંકઃ ૨૮ વાળી પોસ્ટલ સ્લીપ અન્વયે મોકલાવેલ છે. આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન અને પોતાના વિશેષ નિવેદનમાં હાલની નોટીસની આરોપીને બજવણી થયેલ નથી તેવો બચાવ લીધેલ છે. હાલના બચાવનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદી ધ્વારા આંકઃ૨૬ વાળી નોટીસમાં જણાવેલ પ્રથમ સરનામે હાલની નોટીસ આંકઃ૨૮ વાળી પોસ્ટલ સ્લીપ અન્વયે આરોપીને મોકલેલ છે, જે નોટીસ આંકઃ૩૦ વાળા ટ્રેક રીપોર્ટનું રેકર્ડ વંચાણે લેતાં આ કામના આરોપીને તા.૨૪/૦૯/૧૬ ના રોજ બજવણી થઈ ગયેલ છે. ફરીયાદીએ આંકઃ૨૬ વાળી નોટીસ જે પ્રથમ સરનામે હાલના આરોપીને મોકલેલ છે તે જ સરનામું આ કામના આરોપીએ જાતે પોતાનું સરનામું હોવાનું આંકઃ૧૫ અન્વયે ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૧ અન્વયે પ્લી રેકર્ડ કરતી વખતે અત્રેની અદાલત સમક્ષ જાહેર કરેલ છે. સમગ્ર ટ્રાયલ દરમ્યાન હાલના આરોપી ધ્વારા આંકઃ૨૬ વાળી નોટીસમાં જણાવેલ પ્રથમ સરનામુ તેઓનું સરનામું નથી અથવા તો આ સરનામું ખોટું છે અથવા તો જે તે સમયે હાલના આરોપી આ સરનામે નહિં પરંતુ અન્ય કોઈ બીજા સરનામે રહેતા હતા તેવો કોઈપણ જાતનો બચાવ લીધેલ નથી કે આવી કોઈ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરેલ નથી, એટલું જ નહિં પરંતુ બચાવપક્ષ ધ્વારા, આંકઃ૩૦ વાળા રીપોર્ટમા પોસ્ટલ ડીપાર્ટમેન્ટ ધ્વારા નોંધવામાં આવેલ રેકોર્ડ મુજબ હાલની નોટીસ આ કામના આરોપીને આંકઃ૨૬ માં જણાવેલ પ્રથમ સરનામે બજવણી થયેલ હોવાનું રેકર્ડ કરવામાં આવેલ છે, સમગ્ર ટ્રાયલ દરમ્યાન આ હકીકતથી વિરૂધ્ધની હકીકત પ્રસ્થાપિત કરવા હાલના આરોપી ધ્વારા કોઈપણ પ્રયત્ન કરેલ નથી, જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના ફરીયાદીએ આંકઃ૨૪ વાળો ચેક તા.૧૪/૦૯/૧૬ ના રોજ રીટર્ન થયા બાદ આંકઃ૨૬ વાળી નોટીસ આ કામના આરોપીને તે નોટીસમાં જણાવેલ પ્રથમ સરનામે આંકઃ૨૮ વાળી પોસ્ટલ સ્લીપ અન્વયે તા.૨૩/૦૯/૧૬ ના રોજ આરોપીના સાચા અને ખરા સરનામે સમયમર્યાદામાં આ નોટીસ મોકલવામાં આવેલ હોવાનું અને તે નોટીસ આંકઃ૩૦ વાળા પોસ્ટલ ટ્રેક રીપોર્ટ અન્વયે આરોપીના સાચા અને ખરા સરનામે તા.૨૪/૦૯/૧૬ ના રોજ બજવણી થઈ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર સ્પષ્ટ કારણો સાથે પ્રસ્થાપિત થઈ આવે છે. આ હકીકતથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવા આરોપી નિષ્ફળ ગયેલ છે, જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં રેકર્ડ ઉપર આંકઃ૨૬,૨૮ અને ૩૦ વાળા દસ્તાવેજો એકબીજાને સમર્થન કરી આ નોટીસ આ કામના આરોપીને યોગ્ય તે રીતે બજવણી થઈ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર સાબિત કરી આપતા હોય જેથી, તે દસ્તાવેજોને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંક શા માટે કન્ફર્મ ન કરવા ? તેના કોઈપણ વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા ન હોય, જેથી આ તમામ હકીકતો ધ્યાને રાખી **આંકઃ૨૬,૨૮ અને ૩૦ વાળા દસ્તાવેજોને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંક આથી કન્ફર્મ કરવાનો હુકમ કરવામાં આવે છે.** ઉપસ્થિત રેકર્ડમાં એ હકીકત બિનતકરારી રહેલ છે કે આ કામના આરોપીએ હાલની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે તે નોટીસનું પાલન કરેલ નથી. જેથી આ કામના ફરીયાદીએ તે નોટીસની દિન–૧૫ ની સમયમર્યાદા પુર્ણ થયા બાદ ત્યારપછીના ૩૦ દિવસની સમયમર્યાદામાં હાલની ફરીયાદ તા.૨૧/૧૦/૧૬ ના રોજ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના ફરીયાદપક્ષ એકટની કલમઃ૧૩૮ ના ત્રણેય આવશ્યક તત્વો(એ),(બી),(સી)નું પાલન કર્યા બાદ એકટની કલમઃ૧૪૨(૧)(બી)માં જણાવેલ સમયમર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરેલ હોવાનું રેકર્ડ ઉપર

પ્રસ્થાપિત થઈ આવે છે અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં આ હકીકતનો ઈન્કાર કરવા માટે કોઈ પણ વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી.

(૮.૫). ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષ ધ્વારા એકટની કલમઃ૧૩૮ ના ત્રણેય આવશ્યક તત્વો (એ),(બી),(સી)નું પાલન કર્યા બાદ એકટની કલમઃ૧૪૨(૧)(બી)મા જણાવેલ સમયમર્યાદામાં આ ફરીયાદ દાખલ કરેલ હોવાનું રેકર્ડ ઉપર પુરવાર થઈ આવતું હોય, ત્યારે હાલના તબકકે એકટની કલમઃ૧૧૮(એ) વંચાણે લેતાં એકટની કલમઃ૧૩૯ મુજબના પ્રાથમિક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાના રહે છે, જેની જોગવાઈ નીચે મુજબ છે.

118. Presumptions as to negotiable instruments. —Until the contrary is proved, the following presumptions shall be made:—

(a) **of consideration** —that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date** —that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance** —that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer** —that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements** —that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamps** —that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course** —that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder- If shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

હાલના તબકકે એકટની કલમઃ૧૩૯ ના પ્રાથમિક અનુમાનના મુદ્દા સંદર્ભે નામ.સુપ્રીમ કોર્ટના નીચે મુજબના ચુકાદા રેફરન્સ તરીકે લેવા ન્યાયોચિત જણાઈ આવે છે.

That with reference to the present issue, it is appropriate to take reference of the judgment passed by the Hon'ble Supreme court of India in **"Hiten P. Dalal V/S Bratindranath Banerjee" 2001 Cri.L.J 4647(1)**, wherein Honb'le Supreme court has clearly determined that, "The *effect of the Sec. 139 is to place the evidential burden on the accused of proving that,* ***the cheque was not received by the complainant towards the discharge of any liability****. Because Both Sec. 138 and 139 require that the court* ***" SHALL PRESUME "*** *the liability of the drawer of the cheque for the amount for which the cheque are drawn, as noted in its obligatory on the court to raise the presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shits the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from the presumption of fact which describes provisions by which the court "may presume" a certain state of affairs. Presumption are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is oblige to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumption of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of presumed fact."*

The same issue has also been determined by the Honb'le Supreme court of India in **Rangappa V/S Mohan AIR 2010 SC 1898**, wherein Honb'le Supreme court has clearly held that, *"The presumption mandated by Sec. 139 of the Act does indeed include the existence of legally enforceable*

debt or liability. This is of course in the nature of a ***rebuttable presumption*** *and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However there can be no doubt that there is an initial presumption which favours the complainant. Sec. 139 of N.I.Act is an example of reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instrument. While Sec. 138 specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption U/Sec. 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Sec. 138 can be better described as a regulatory offence since the bouncing of cheque is largely in the nature of civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transaction. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the accused can not be expected to discharge an unduly high standard or proof. In the absence of compelling justification, reverse onus clause usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping in this view, it is a settled position that when an accused has to rebut the presumption U/Sec. 139, the standard of proof for doing so is that of '* ***preponderance of probabilities*** *'. Therefore,* ***if an accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt/liability, the presumption can fail. The accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence."***

(૮.૬). આમ, ઉપરોકત નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદા ધ્યાને લેતાં હાલના તબકકે એકટની કલમઃ૧૩૯ અન્વયે આંકઃ૨૪ વાળા ચેક સંદર્ભે પ્રાથમીક અનુમાન, જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર ન થાય ત્યાં સુધી ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂધ્ધમાં કરવાનુ રહે છે કે, "આ કામના આરોપીએ આંકઃ૨૪વાળો ચેક ફરીયાદીને પોતાનું ફરીયાદીની તરફેણમાં રહેલ દેવું અથવા તો અન્ય કોઈ જવાબદારી અદા કરવા માટે આપેલ હતો અને ફરીયાદીએ પણ આ ચેક તે હેતુ માટે અને તે હેતું સંદર્ભે જ સ્વીકારેલ હતો." સ્પષ્ટપણે હાલનું અનુમાન ખંડન

થઈ શકે તેવું છે અને તે માટે બચાવપક્ષને પુરતી તક રહેલ છે. બચાવપક્ષને આ અનુમાનનું ખંડન કરવા માટે બચાવપક્ષના પુરાવામાં ઉતરવું ફરજીયાત નથી. બચાવપક્ષ તે અનુમાનનું ખંડન ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ પુરાવામાં ખામી ઉત્પન્ન કરીને અથવા તો પોતે કોઈ લેખીત–મૌખીક પુરાવો રજુ કરીને અગર તો ફરીયાદની ઉલટતપાસમાં કોઈ સંભવિત શંકા ઉત્પન્ન કરીને પણ ખંડન કરી શકે છે. જો આરોપીપક્ષ આવું ખંડન કરવામાં સફળ નીવડે તો પોતે વીટનેશ બોક્ષમાં આવીને પુરાવો આપવાનું ફરજીયાત બનતું નથી.

(૮.૭). ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખી આરોપી ઉપરોકત અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ છે કે કેમ ? તે હકીકતનો નિર્ણય કરવાનો રહે છે. તે માટે આરોપીએ લીધેલ બચાવ કે જેની સ્પષ્ટતા ઉપરોકત સબપેરા નં. ૮.૧ માં કરવામાં આવેલ છે, તેનું મુલ્યાંકન કરવું ન્યાયોચિત જણાઈ આવે છે.

સૌપ્રથમ આરોપીએ લીધેલ બચાવ કે જેની સ્પષ્ટતા ઉપરોકત સબપેરા ન.૮.૧ માં કરવામાં આવેલ છે, તે સંદર્ભે હાલના તબકકે નોધવું આવશ્યક છે કે, દરેક ગુન્હામાં બચાવ કરવો તે આરોપીનો અધિકાર છે, પરંતુ તે બચાવ સ્પષ્ટ, સચોટ અને એકસમાન હોવો તે આવશ્યક છે. હાલના સ્પેશ્યલ કાયદા અન્વયેની ફરીયાદમાં સામાન્ય રીતે આરોપીને પોતાનો બચાવ રજુ કરવા માટે કુલ ચાર તબકકામાં તક મળી રહે છે. (૧). કાનુની નોટીસના જવાબમાં, (૨). ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન, (૩). સી.આર.પી.સી.ની કલમઃ૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન દરમ્યાન તથા (૪). જો આરોપી પોતાના બચાવના પુરાવામાં ઉતરવા ઈચ્છા દર્શાવે તો પોતાના બચાવના પુરાવાના તબકકે. પરંતુ આ ચારેય તબકકે આરોપીના બચાવ સ્પષ્ટ, સચોટ અને એકસમાન હોવા આવશ્યક છે. આરોપીએ માત્ર પોતાના બચાવ રજુ કરે તેટલું પુરતું નથી પરંતુ આરોપીએ પોતાના બચાવ માની શકાય તેવા વ્યાજબી કારણો સાથે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા આવશ્યક બની રહે છે. આરોપીએ પોતાના પુરાવા વ્યાજબી શંકાથી પર સાબિત કરવાના રહેતા નથી માત્ર તેઓએ રજુ કરેલ પુરાવા સામાન્ય બુધ્ધિનો વ્યકિત રેકર્ડ ધ્યાને લઈ તે પુરાવા માની શકે તેટલા વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવાના રહે છે. હાલનો કાયદાનો સામાન્ય સિધ્ધાંત ધ્યાને લઈ સૌપ્રથમ ઉપસ્થિત રેકર્ડમાં તે હકીકત ખૂબજ સ્પષ્ટ છે કે, આરોપીએ ફરીયાદીની કાનુની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી, ત્યારબાદ આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે જેટલા બચાવો લીધેલા છે તેવા કોઈ બચાવો ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન લીધેલ નથી કે રજુ રાખવા પ્રયત્ન કરેલ નથી કે તે બચાવોને માની શકાય તેવા વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન અંશમાત્ર પણ પ્રયત્ન કરેલ નથી. એટલું જ નહિ પરંતુ આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે જેટલા બચાવ લીધેલ છે તે બચાવોને સાબિત કરવા અંશમાત્ર પણ પ્રયત્ન કરેલ નથી કે તે બચાવોને સાબિત કરવા સમર્થનકારી પુરાવા રજુ કરવા માટે પ્રયત્ન કરેલ નથી તથા તે બચાવોને શા માટે માનવા ? તેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થપિત કરવામાં અંશમાત્ર પણ પ્રયત્ન કરેલ નથી, જેથી આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે લીધેલ બચાવ શા માટે માનવા ? તેના કોઈપણ વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. તેમ છતાં આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે લીધેલ બચાવોની ચર્ચા કરવામાં આવે તો, આરોપીએ ઉપરોકત સબપેરા નં.૮.૧ માં કરેલ સ્પષ્ટતા મુજબ બચાવ નં.૩ અને ૬ અન્વયે તેવો બચાવ ખુલાસા તરીકે લીધેલ છે કે," ફરીયાદીએ તેઓની સાથે ધોખો કરી આંકઃ૨૨ વાળા દસ્તાવેજમાં સહી કરાવી લીધેલ,

તેઓને ગુજરાતી આવડતું ન હતું અને તેઓની જાણ બહાર ધોખામાં રાખી લખેલ વિગતો બાબતે જાણકારી આપ્યા સિવાય સહી કરાવી લીધેલ છે." હાલના બચાવ સંદર્ભે તે હકીકત નોંધનીય છે કે, જો આરોપીએ લીધેલ હાલનો બચાવ સાચો હતો તો શા માટે આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન હાલનો બચાવ લીધેલ નથી તેમજ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આંકઃ૨૨ વાળા દસ્તાવેજના પ્રોપર એકઝીકયુશનને ચેલેન્જ કરેલ નથી ? જો આરોપીના હાલના બચાવમાં વજુદ હતુ તો આરોપીને આંકઃ૨૨ વાળો વેચાણ કરાર જે નોટરીશ્રી સમક્ષ કરવામાં આવેલ છે તેને તપાસવાની તક હતી તથા હાલના કરારમાં જે સાક્ષીઓની સહી છે તેમને પણ તપાસવાની તક હતી અને આરોપી આ બંન્ને સાક્ષીઓને તપાસી પોતાના બચાવને સાબિત કરી શકયા હોત અથવા તો પોતાનો બચાવ શા માટે માનવો ? તેના વ્યાજબી કારણો પ્રસ્થાપિત કરી શકયા હોત, અથવા તો પોતાના હાલના બચાવને સમર્થનકારી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકયા હોત, પરંતુ આરોપીને તે માટે તક હોવા છતાં આરોપીએ પોતાનો હાલનો બચાવ સાબિત કરવા માટે અંશમાત્ર પણ પ્રયત્ન કરેલ નથી. જો આરોપીના હાલના બચાવમાં વજુદ હતો તો આંકઃ૨૨ વાળો કરાર તા.૧૮/૦૧/૧૬ ના રોજ એકઝીકયુટ થયા બાદ હાલના બચાવ સંદર્ભે આરોપીએ ફરીયાદી સામે કોઈપણ પ્રકારની ફરીયાદ કરેલ નથી કે, તે બચાવ સંદર્ભે ફરીયાદીને કોઈ કાનુની નોટીસ આપેલ નથી કે હાલના બચાવ સંદર્ભે હાલનો આંકઃ૨૨ વાળો કરાર રદબાતલ ઠરાવવા સીવીલ રાહે કોઈ કાનુની કાર્યવાહી કરેલ નથી. એટલું જ નહિં પરંતુ આંકઃ૨૨ વાળો કરાર તા.૧૮/૦૧/૧૬ ના રોજ થયા બાદ આરોપીએ પોતાની પત્ની સાથે તા.૨૨/૦૮/૧૬ ના રોજ આંકઃ૨૩ વાળું બાંહેધરી ખત નોટરીશ્રી સમક્ષ પોતાના ઓળખ અંગેના પુરાવા તે કરારમાં સામેલ રાખી ફરીયાદીની તરફેણમાં હાલનો બાંહેધરી ખત લખી આપેલ છે. જો આરોપીનો હાલનો બચાવ સાચો હતો તો આરોપીએ શા માટે આંકઃ૨૩ વાળા બાંહેધરી ખત ફરીયાદીની તરફેણમાં કરી આપેલ ? તેના કોઈપણ વ્યાજબી ખુલાસા આરોપીએ રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. આરોપીએ આંકઃ૨૩ વાળા બાંહેધરી ખતઅન્વયે પોતાના વિશેષ નિવેદનમાં સબપેરા નં.૮.૧ માં કરવામાં આવેલ સ્પષ્ટતા મુજબ બચાવ નં.૪ અને ૭ અન્વયે હાલનો બાંહેધરી ખત તેઓની પાસે દગાબાજીથી કરાવી લીધેલ હોવાનો ખુલાસો કરેલ છે, પરંતુ હાલના બચાવ સંદર્ભે પણ તે હકીકત સાબિત કરવા આરોપી પાસે આંકઃ૨૩ વાળો બાંહેધરીખત જે નોટરીશ્રી સમક્ષ કરવામાં આવ્યો તેને તેમજ આ બાંહેધરીખતના બંન્ને સાક્ષીઓને તપાસવાની અને તે રીતે પોતાનો બચાવ સાબિત કરવાની તક રહેલ હતી, પરંતુ આરોપીએ પોતાનો હાલનો બચાવ સાબિત કરવા આવા કોઈ પ્રયત્ન કરેલ નથી. જો આરોપીના હાલના બચાવમાં વજુદ હતો તો આંકઃ૨૩ વાળો કરાર તા.૨૨/૦૮/૧૬ ના રોજ એકઝીકયુટ થયા બાદ હાલના બચાવ સંદર્ભે આરોપીએ ફરીયાદી સામે કોઈપણ પ્રકારની ફરીયાદ કરેલ નથી કે, તે બચાવ સંદર્ભે ફરીયાદીને કોઈ કાનુની નોટીસ આપેલ નથી કે હાલના બચાવ સંદર્ભે હાલનો આંકઃ૨૩ વાળો કરાર રદબાતલ ઠરાવવા સીવીલ રાહે કોઈ કાનુની કાર્યવાહી કરેલ નથી, જેથી આ તમામ હકીકતો નજર સમક્ષ લેતાં આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે લીધેલ બચાવ નં.૩,૪,૬ અને ૭ ની હકીકતો શા માટે માનવી ? તેના કોઈપણ વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. હાલના બચાવ સંદર્ભે આંકઃ૨૨ અને ૨૩ વાળા બંન્ને દસ્તાવેજો ધ્યાને લેવામાં આવે તો, હાલના બંન્ને દસ્તાવેજોમા આ કામના આરોપીની તે જ સહી છે જે સહી આંકઃ૨૪ વાળા ચેક ઉપર આરોપીએ કરેલ છે અને હાલના ચેક ઉપર આરોપીની સહીને આરોપીએ

સમગ્ર ટ્રાયલ દરમ્યાન સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ છે. વધુમાં આંકઃ૨૨ વાળો દસ્તાવેજ ધ્યાને લેતાં હાલનો દસ્તાવેજ નોટરીશ્રી સમક્ષ, સાક્ષીઓની હાજરીમાં આ કામના ફરીયાદી અને હાલના આરોપીની હાજરીમાં એકઝીકયુટ થયેલ હોવાનું જણાઈ આવે છે. આ હકીકતથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવા આરોપીએ કોઈ પ્રયત્ન કરેલ નથી. આંકઃ૨૩ વાળો બાંહેધરીખત વંચાણે લેતાં હાલના બાંહેધરીખતમાં હાલના આરોપી નં.૨ અને આરોપી નં.૧ નો ફોટો લાગેલ છે, જેની સામે આરોપી નં.૨ ની સહી છે. તેની સાથે ફરીયાદીનો ફોટો લાગેલ છે અને ફરીયાદીની સહી છે. આ દસ્તાવેજની સાથે હાલના આરોપીના ડ્રાઈવીંગ લાઈસન્સની કોપી પણ સામેલ રાખેલ છે, જેની નીચે પણ આરોપીની તે જ સહી છે કે જે આંકઃ૨૪ વાળા ચેક ઉપર છે. હાલનો દસ્તાવેજ વંચાણે લેતાં આરોપી તથા તેમની પત્નીના ફોટો આરોપી સિવાય અન્ય કોઈ વ્યકિત પાસે આવી શકે નહીં. આરોપીનો તેવો બચાવ નથી કે તેમના ફોટા ચોરી કરી હાલના દસ્તાવેજમાં લગાડવામાં આવેલ છે.હાલના દસ્તાવેજમાં હાલના આરોપીનું ડ્રાઈવીગ લાઈસન્સની કોપી આરોપીની સહીવાળી આરોપી સિવાય અન્ય કોઈ વ્યકિત પાસે આવી શકે નહીં. આરોપીનો તેવો બચાવ નથી કે તેઓની સહીવાળી ડ્રાઈવીંગ લાઈસન્સની કોપી ચોરી કરી હાલના દસ્તાવેજમાં લગાડવામાં આવેલ છે. હાલનો આંકઃ૨૨ અને ૨૩ વાળા દસ્તાવેજ સંદર્ભે આ કામના ફરીયાદીએ પોતાની સરતપાસની જુબાનીમા હાલના બંન્ને દસ્તાવેજોને યોગ્ય તે રીતે સમર્થન પુરુ પાડેલ છે. તે મૌખીક જુબાની અન્વયે પુરુ પાડેલ સમર્થનની હકીકતોને બચાવપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ઈન્કાર કરવામાં આવેલ નથી કે તે હકીકતોને પડકારવામાં આવેલ નથી કે તે હકીકતોથી વિરૂધ્ધની હકીકત પ્રસ્થાપિત કરવા બચાવપપક્ષ ધ્વારા ફરીયાદીને એક પ્રશ્ન પણ પુછેલ નથી. આમ, બચાવપક્ષ આંકઃ૨૨ અને ૨૩ વાળા દસ્તાવેજો અન્વયે પોતાના વિશેષ નિવેદન દરમ્યાન ખુલાસા સ્વરૂપે લીધેલ બચાવોને સાબિત કરવા પ્રયત્ન કરેલ નથી કે તે બચાવ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરેલ નથી. તેની સામે હાલના બંન્ને દસ્તાવેજો ફરીયાદીની આંકઃ૪ અન્વયેની સરતપાસની હકીકતો ઉપરથી રેકર્ડ ઉપર યોગ્ય તે રીતે સમર્થન મળી રેકર્ડ ઉપર પુરવાર થઈ આવતા હોય, અને બચાવપક્ષ હાલના બંન્ને દસ્તાવેજોનું ખંડન કરવા અને તે દસ્તાવેજોમાં નોંધેલ હકીકતોથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે. જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં આંકઃ૨૨ અને ૨૩ વાળા બંન્ને દસ્તાવેજો રેકર્ડ ઉપર યોગ્ય તે રીતે સાબિત થઈ આવતા હોય, જેથી હાલના બંન્ને દસ્તાવેજોને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંક શા માટે કન્ફર્મ ન કરવા ? તેના કોઈપણ વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. **જેથી આ તમામ હકીકતો ધ્યાને રાખી આંકઃ૨૨ અને ૨૩ વાળા દસ્તાવેજોને આપવામાં આવેલ ટેન્ટેટીવ આંક આથી કન્ફર્મ કરવાનો હુકમ કરવામાં આવે છે.** ઉપરોકત તમામ હકીકતો નજર સમક્ષ લેતાં બચાવપક્ષ પોતાના વિશેષ નિવેદનમા આંકઃ૨૨ અને ૨૩ વાળા દસ્તાવેજો સંદર્ભે ખુલાસા સ્વરૂપે લીધેલ બચાવો કે જેની સ્પષ્ટતા ઉપરોકત સબપેરા નં.૮.૧ માં બચાવ નં.૩,૪,૬ અને ૭ અન્વયે કરવામાં આવેલ છે તે તમામ બચાવો રેકર્ડ ઉપર સાબિત કરવા તેમજ તે બચાવને શા માટે માનવા ? તેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે.

આ સિવાય ઉપરોકત સબપેરા નં.૮.૧ માં બચાવ નં.૨ સંદર્ભે આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેવો ખુલાસો રજુ કરેલ છે કે, " આ કામના આરોપીએ ફરીયાદીને ચુકવવાપાત્ર તમામ લેણી રકમ ચુકવી

આપેલ છે, માત્ર આરોપીને તે બદલ ફરીયાદીએ પહોંચ આપેલ નથી." હાલના બચાવ સંદર્ભે તે હકીકત નોંધનીય છે કે, આરોપીએ પોતાના વિશેષ નિવેદનમા આવો કોઈ બચાવ લીધેલ નથી ઉલટાનું આ બચાવથી વિરૂધ્ધની હકીકત પોતાના વિશેષ નિવેદનમાં એવી જણાવેલ છે કે, " આરોપીએ તેઓની ગાડીના સોદા પેટે ફરીયાદીના પિતા પાસે રોકડા રૂા.૨,૦૦,૦૦૦/– સ્વીકારેલા, તેની સામે રૂા.૮૦,૦૦૦/–રોકડા ફરીયાદીને બેંકમાં જ આપેલા." રૂા.૨,૦૦,૦૦૦/– પૈકી રૂા.૮૦,૦૦૦/– ફરીયાદીને ચુકવ્યા બાદ, બાકી રહેતી રૂા.૧,૨૦,૦૦૦/–ની રકમ ફરીયાદીને ચુકવેલ હોય તેવો કોઈપણ ખુલાસો આરોપીએ પોતાનાવિશેષ નિવેદનમાં કરેલ નથી, જેથી આરોપીએ હાલના બચાવ નં.૨ માં લીધેલ બચાવ પોતાના વિશેષ નિવેદનમાં કરેલ ખુલાસાથી બિલકુલ વિપરીત હોઈ, જેથી હાલનો બચાવ માનવો કે તેથી વિપરીત વિશેષ નિવેદનમાં કરેલ ખુલાસો માનવો ? આ હકીકત રેકર્ડ ઉપર નિશ્ચિત થઈ આવતી નથી. તે સિવાય પણ આરોપીએ ફરીયાદીની ચુકવવાપાત્ર તમામ લેણી રકમ ચુકવી આપવાનો બચાવ લીધેલ હોય, જેનો ફરીયાદીએ પોતાની ઉલટતપાસ દરમ્યાન ઈન્કાર કરેલ હોય, જેથી આ હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શિરે રહેતી હોય, પરંતુ આરોપીએ હાલની પ્લી સિવાય હાલના બચાવને શા માટે માનવો ? તેના અંશમાત્ર પણ વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા પ્રયત્ન કરેલ નથી. આ સિવાય જો એક તબકકે આરોપીનો હાલનો બચાવ માની લેવામાં આવે કે, આરોપીએ ફરીયાદીને ચુકવવાપાત્ર તમામ રકમ ચુકવી આપેલ છે તો આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીએ આંકઃ૧૭ વાળી પુરસીસ પોતાની સહીથી અત્રેની અદાલત સમક્ષ રજુ રાખી ફરીયાદી સાથે રૂા.૩,૪૫,૦૦૦/–માં સમાધાન કરી અગાઉ રૂા.૭૦,૦૦૦/– ચુકવી આપેલ હોવાની હકીકત જાહેર કરી બાકીની રકમ રૂા.૨,૭૫,૦૦૦/– ફરીયાદીને ચુકવવાના બાકી રહેલ હોવાનું જાહેર કરી, તારીખઃ૦૮/૦૯/૧૭ ના રોજ ફરીયાદીને રૂા.૧૦,૦૦૦/– રોકડા ચુકવી આપી બાકી રહેતી રકમ રૂા.૨,૬૫,૦૦૦/– ફરીયાદીને આપવાના બાકી રહે છે તેવું જાહેર કરી, તે રકમ પૈકી તા.૦૮/૧૦/૧૭ સુધી રૂા.૧,૫૦,૦૦૦/– અન ત્યારબાદ ત્રણ મહિનામાં બાકીની રકમ રૂા.૧,૧૫,૦૦૦/– ફરીયાદીને ચુકવવા શા માટે આરોપીએ અત્રેની અદાલત સમક્ષ બાંહેધરી આપેલ છે ? જો આરોપીના જણાવ્યા મુજબ તેમણે ફરીયાદીને ચુકવવાપાત્ર તમામ રકમ ચુકવી આપેલ હતી તો આંકઃ૧૭ વાળી પુરસીસ અત્રેની અદાલત સમક્ષ જાહેર કરવાની અને તેમાં નોંધેલ હકીકતો મુજબ ફરીયાદી સાથે સમાધાન કરવાની કોઈ જ જરૂરીયાત ઉપસ્થિત થતી ન હતી. આ હકીકતો ધ્યાને લેતાં પણ આરોપીએ ફરીયાદીને ચુકવવા પાત્ર તમામ રકમ ચુકવી આપેલ હોવાનો બચાવ કોઈપણ રીતે માની શકાય તેમ નથી.

વધુમાં ઉપરોકત સબપેરા ન.૮.૧ માં કરેલ સ્પષ્ટતા મુજબ બચાવ નં.૫ અન્વયે આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા સ્વરૂપે તેવો બચાવ લીધેલ છે કે, " આરોપીની ગાડી મહીન્દ્રા બેંક ધ્વારા જપ્ત કર્યા બાદ આરોપીએ ફરીયાદીને રૂા.૮૦,૦૦૦/– રોકડા આપેલા, પરંતુ ફરીયાદીએ ગાડી બેંકમાંથી છોડાવેલ નહી." હાલના બચાવ સંદર્ભે પણ આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આવો કોઈ બચાવ રજુ કરેલ નથી કે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન હાલના બચાવને પ્રસ્થાપિત કરવા કોઈપણ પ્રયત્ન કરેલ નથી કે, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન હાલનો બચાવ શા માટે માનવો ? તેના અંશમાત્ર પણ કારણો પ્રસ્થાપિત કરવા બચાવપક્ષ ધ્વારા ફરીયાદીને એક પ્રશ્ન પણ પુછેલ નથી. આમ, રેકર્ડ ઉપર હાલના ખુલાસા સિવાય હાલના બચાવને શા માટે માનવો ? તેના

અંશમાત્ર પણ વ્યાજબી કારણો જણાઈ આવતા નથી. હાલનો બચાવ આરોપીએ લીધેલ હોય જેથી તેને સાબિત કરવાની જવાબદારી આરોપીની બની રહે છે, પરંતુ હાલના બચાવને સાબિત કરવા અથવા તો તે બચાવને માની શકાય તે માટેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા આરોપીએ અંશમાત્ર પણ પ્રયત્ન કરેલ નથી. તેમ છતાં એક તબકકે હાલનો બચાવ માનવામાં આવે તો આરોપીએ રૂા.૮૦,૦૦૦/– રોકડા ફરીયાદીને ચુકવેલ હતા, તો શા માટે આરોપીએ પોતાની આંકઃ૧૭ વાળી પુરસીસમાં અગાઉ ચુકવેલ રકમ તરીકે માત્ર રૂા.૭૦,૦૦૦/– ની રકમ અત્રેની અદાલત સમક્ષ જાહેર કરેલ છે ? તેના કોઈપણ વ્યાજબી કારણો કે ખુલાસા આરોપીએ કરેલ નથી. જે કારણોસર હાલનો બચાવ નં.૫ માની શકાય તેમ નથી અને તે બચાવને રેકર્ડ ઉપર સાબિત કરવા તેમજ તે બચાવને શા માટે માનવો ? તેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા આરોપી નિષ્ફળ ગયેલ છે.

વધુમાં આરોપીએ ઉપરોકત સબપેરા નં.૮.૧ માં કરેલ સ્પષ્ટતા મુજબ બચાવ નં.૯ માં જણાવેલ વીગતો અનુસાર પોતાના વિશેષ નિવેદનમાં જે વિગતો જાહેર કરેલ છે તે વિગતો અત્રેની અદાલત સમક્ષ સૌપ્રથમ વખત પોતાના વિશેષ નિવેદનમાં ખુલાસા તરીકે જાહેર કરેલ છે. આરોપીએ આવી કોઈપણ વિગતો કે તે સંદર્ભેનો બચાવ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન રજુ કરેલ નથી તેમજ આવો બચાવ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન રજુ રાખી સાબિત કરવા પણ પ્રયત્ન કરેલ નથી તેમજ રેકર્ડ ઉપર હાલના ખુલાસા સિવાય હાલની હકીકતો શા માટે માનવી ? તેના વ્યાજબી કારણો પ્રસ્થાપિત કરવા આરોપીએ અંશમાત્ર પણ પ્રયત્ન કરેલ નથી. હાલનો બચાવ આરોપીએ પોતાના વિશેષ નિવેદન દરમ્યાન વિશેષમાં જાહેર કરેલ હકીકતો સ્વરૂપે હાલનો ખુલાસો કરેલ છે, જે ખુલાસો આરોપીએ ઉપરોકત સબપેરા નં.૮.૧ માં બચાવ નં.૩ થી ૭ વાળી હકીકતોથી બિલકુલ વિપરીત હકીકતો જાહેર કરેલ છે. જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં હાલનો ખુલાસો શા માટે માનવો ? તેના કોઈપણ વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના બચાવ નં.૯ માં જાહેર કરેલ હકીકતો સાબિત કરવા તેમજ તે હકીકતોને શા માટે માનવી ? તેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ હોય , જેથી હાલનો બચાવ માની શકાય તેમ નથી.

જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપી ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન તેમજ પોતાના વિશેષ નિવેદન દરમ્યાન લીધેલ બચાવો કે જેની સ્પષ્ટતા ઉપરોકત સબપેરા ન.૮.૧ મા કરવામાં આવેલ છે તે તમામ બચાવો રેકર્ડ ઉપર સાબિત કરવા તેમજ તે બચાવોને શા માટે માનવા ? તેના વ્યાજબી કારણો રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવામાં સંપર્ણપણે નિષ્ફળ ગયેલ છે. આરોપી ધ્વારા આ સિવાય અન્ય કોઈ બચાવો લીધેલ નથી. જેથી આ તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના આરોપી પોતાના બચાવોને રેકર્ડ ઉપર સાબિત કરવા તેમજ વ્યાજબી કારણો સાથે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવા અને સાથે સાથે પોતાના શિૈરે આવેલ કાનુની અનુમાનોનું ખંડન કરવા અને તે રીતે પોતાના શિરે આવેલ પુરાવાનો બોજો શીફટ કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે. આ સામે ફરીયાદપક્ષનો કેસ રેકર્ડ ઉપર આંકઃ૨૨ થી ૨૪ વાળા દસ્તાવેજો ઉપર અને તે સાથે એકટની કલમઃ૧૧૮ સાથે વંચાણે લેતા ૧૩૯ ના કાનુની અનુમાનોની મદદથી રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબિત થઈ આવે છે, જે હકીકતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. જેથી આ તમામ હકીકતો નજર સમક્ષ રાખી હાલના **મુદ્દા નં.૨** નો જવાબ આથી **હકારમાં** આપવામાં આવે છે.

૯.   મુદ્દા નંબર–૩

ઉપરોકત મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ તમામ ચર્ચાને ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી નં.૧ સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય અને અરાોપી નં.૧ સામે હાલની ફરીયાદ અન્વયે કોઈપણ ગુન્હો બની આવતો ન હોય, તેમજ આરોપી નં.૧ સામે હાલની ફરીયાદ ટકવાપાત્ર રહેતી ન હોય, જેથી આરોપી નં.(૧). મીના નરેન્દ્ર પાંડે તે શેખર અનુપ શર્માની પત્નીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ૨૫૫(૧) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ ના ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત મુદ્દા નં.૨ માં કરવામાં આવેલ તમામ ચર્ચા ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ અને આરોપી નં.(૨).સામેનો આરોપ રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં સફળ રહેલ હોય, જેથી આ તમામ હકીકતો નજર સમક્ષ રાખી આ કામના આરોપી નં.(૨). શેખર અનુપ શર્માનાઓને કિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૧મી, માહેઃજૂન,વર્ષઃ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૬/૧૮
સ્થળઃઅમદાવાદ

(આર.આર.પટેલ)
GJ 00922
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટની કોર્ટ નં.૩૦,અમદાવાદ

૧૦. આજરોજ તમામ પક્ષકારો તેઓના વિ.વકીલશ્રી સાથે અત્રેની અદાલતમાં હાજર રહેલ છે. સજા અંગે આરોપી નં.ર ના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આરોપી ગરીબ વર્ગના માણસ છે, તેમના ઉપર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી રહેલ છે, જેથી હાલના આરોપી ઉપર વધુમાં વધુ દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે. ફરીયાદપક્ષના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આરોપી સામેનો કેસ રેકર્ડ ઉપર સાબિત થઈ આવેલ છે અને ઘણા લાંબા સમયથી ફરીયાદીને ચેકની એમાઉન્ટ મળેલ ન હોય, આરોપીને વધુમાં વધુ સજા કરી ફરીયાદીને યોગ્ય તે વળતર અપાવવા વિનંતી કરેલ છે. બંન્ને પક્ષકારોની રજુઆતો ધ્યાને લેતાં, હાલના કેસમાં આરોપી નં.ર સામેનો કેસ રેકર્ડ ઉપર સાબિત થઈ આવેલ છે અને આરોપીને સને:ર૦૧૬ ની સાલમાં આકં:ર૪ વાળા ચેકની રકમ ફરીયાદીને ચુકવવાની હતી, જે આરોપી ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. પરંતુ આ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીએ આંક:૧૭ વાળી પુરસીસ રજુ રાખી અગાઉ ફરીયાદીને રૂા.૭૦,૦૦૦/–(અંકે રૂપિયા સીત્તેર હજાર પુરા) ચુકવેલ હોવાનું તેમજ તા.૦૮/૦૯/૧૭ ના રોજ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ હજાર પુરા) ચુકવેલ હોવાનું જાહેર કરેલ છે અને બાકીની રકમ રૂા.ર,૬પ,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પાંસઠ હજાર પુરા) તેમાં જણાવેલ સમયમર્યાદામાં ચુકવવા બાંહેધરી આપેલ હતી, પરંતુ હાલની પુરસીસ અન્વયે આજરોજ ફરીયાદીના વિ.વકીલશ્રીએ આકં:૧૭ વાળી પુરસીસમાં જણાવેલ કુલ રકમ રૂા.૮૦,૦૦૦/–(અંકે રૂપિયા એંસી હજાર પુરા) તે પુરસીસમાં જણાવ્યા મુજબ તેઓને ચુકવાઈ ગયેલ હોવાનું કબુલ મંજુર રાખેલ છે પરંતુ સાથે સાથે તે જ પુરસીસમાં આરોપીએ તેવી હકીકત જાહેર કરેલ હોવાનું ધ્યાન ઉપર દોરેલ છે કે, જો આરોપી તે પુરસીસમા જણાવેલ સમયમર્યાદામાં તેઓને પેમેન્ટની ચુકવણી ન કરી શકે તો, તે પુરસીસમાં જાહેર કરેલ સમાધાન રદ ગણાશે અને તકરારી ચેકની રકમ રૂા.૩,૬પ,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પાંસઠ હજર પુરા) આરોપી ફરીયાદીને ચુકવવા જવાબદાર રહેશે. આરોપી નં.ર નાએ જાતે આંક:૧૭ વાળી પુરસીસમાં ઉપરોકત જાહેર કરેલ હકીકતો ધ્યાને લેતા ચોકકસપણે આરોપી હાલના ગુન્હામાં આ કામના ફરીયાદીને આંક:ર૪ વાળા ચેકની પુરેપુરી રકમ રૂા.૩,૬પ,૦૦૦/–(અંકે રૂપિયા)ત્રણ લાખ પાંસઠ હજાર પુરા) ચુકવી આપવા જવાબદાર રહે છે, જે રકમનું ફરીયાદીને નુકશાન થયેલું ગણાય અને તે રકમ વળતર પેટે ફરીયાદીને આરોપી પાસેથી ચુકવી અપાવવી ન્યાયોચિત જણાઈ આવે છે. હાલના તબકકે આ કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપી સામેનો કેસ રેકર્ડ ઉપર સાબિત થઈ આવેલ હોય, પરંતુ આરોપીના વિ.વકીલશ્રીએ કરેલ રજુઆત મુજબ હાલના આરોપી નં.ર ઉપર પોતાના કુટુંબની ભરણપોષણની જવાબદારી હોય અને હાલના કેસની ગંભીરતા શરીર સંબંધી ગુન્હાઓની સામે વધુ ગંભીર ગણી શકાય તેમ નથી, જેથી આ કેસના સંજોગો અને વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાને રાખી જો હાલના ગુન્હા માટે આ કામના આરોપી નં.ર ને ૮(આઠ) માસની સાદી કેદની સજા કરવામાં આવે અને તે સાથે આ કામના ફરીયાદીને થયેલ નુકશાન પેટે આ કામના આરોપી નં.ર પાસેથી સી.આર.પી.સી.ની કલમ:૩પ૭(૩) અન્વયે આંક:ર૪ વાળા ચેકની રકમ વળતર પેટે દિન–૩૦ માં ચુકવી આપવાનો હુકમ નામ.વડી અદાલતોના ***The Honb'le Supreme court of India in AIR 1988 SC, 2127 Hari Krishna & State of Haryana V/S Sukhbirsingh as well as by The Honb'le Punjab and Haryana High court in Ajay Bansal V/S Nirmal***

Jain case ના ચુકાદા તેમજ તેમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાને રાખી કરવામાં આવે અને આ હુકમનું પાલન કરવામાં આરોપી નં.૨ નિષ્ફળ ગયેથી આરોપી નં.૨ એ વધુ ૧(એક) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે તો હાલના કેસના સંજોગોને ધ્યાને લેતાં તે ઉચિત,વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે તથા ફરીયાદપક્ષને ન્યાય મળ્યો છે તેવું ચોકકસપણે દેખાઈ આવશે. આમ, ઉપરોકત તમામ હકીકતો નજર સમક્ષ રાખી મુદ્દા નં.૨ અન્વયે આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ

૧. આ કામના આરોપી નં.૨ શેખર અનુપ શર્માને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમઃ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ૮(આઠ)માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી નં.૨ એ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમઃ૩૫૭(૩) અન્વયે આ કામના ફરીયાદીને આંક–૨૪ વાળા ચેકની રકમ આ હુકમ થયેથી દિન–૩૦ માં વળતર પેટે ચુકવવી, જો આરોપી નં.૨ ફરીયાદીને વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપી નં.૨ નાએ વધુ ૧(એક)માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩. આરોપી નં.૨ ને સદરહું હુકમની નકલ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૬૩(૧)મુજબ વિનામૂલ્યે કચેરીએ પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૨૧ મી, માહેઃજુન, સનેઃ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ ૨૧/૦૬/૨૦૧૮
સ્થળઃઅમદાવાદ.

(આર.આર.પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦,અમદાવાદ
કોડ નં. જીજે૦૦૯૨૨